# બે દિવસ અમદાવાદમાં રેડ એલર્ટ જારી, પારો ૪૫ ડીગ્રીએ પહોંચશે

**ગુજરાતમાં અસલી મિજાજ બતાવતી ગરમી : ગરમીનો પારો ૨ અને ૩ મેના રોજ ક્રમશ ૪૪ અને ૪૩ ડિગ્રી અને ૪ મેના રોજ આશિંક ઘટાડો જોવા મળશે**

અમદાવાદ, તા.૨૯

ગુજરાતમાં ઉનાળો તેનો અસલી મિજાજ બતાવી રહ્યો હોય તેમ તાપમાન સતત વધી રહ્યું છે. છેલ્લા બે દિવસતી હીટવેવની અસરને કારણે રાજ્યભરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા અમદાવાદમાં આગામી બે દિવસ ગરમીને લઈને રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. એટલે કે પારો ૪૫ ડિગ્રી સુધી પહોંચી શકે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર અમદાવાદમાં ૩૦ એપ્રિલ અને ૧ મેના રોજ પારો ૪૫ ડિગ્રીએ પહોંચશે. ત્યારબાદ ૨ અને ૩ મેના રોજ ક્રમશ ૪૪ અને ૪૩ ડિગ્રી અને ૪ મેના રોજ ગરમીમાં આશિંક ઘટાડા સાથે પારો ૪૨ ડિગ્રીએ પહોંચે તેવી શક્યતા છે. આ દરમિયાન લઘુત્તમ તાપમાન ૨૬થી ૨૭ ડિગ્રી વચ્ચે રહેશે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકે મીડિયાને જણાવ્યું કે, માત્ર અમદાવાદ શહેર માટે રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે ગાંધીનગર, ખેડા તેમજ સૌરાષ્ટ્રમાં રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગર, જામનગરમાં જિલ્લા માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. એપ્રિલમાં અતિશય ગરમીના પાછળનું કારણ શું છે તેના જવાબમાં વૈજ્ઞાનિકે જણાવ્યું કે, વિંડ પેટર્ન ચેન્જ થવાને કારણે ગરમીમાં વધારો થઈ રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, બુધવારની સરખામણીએ ગુરુવારે રાજ્યના મોટા ભાગના શહેરોમાં તાપમાનમાં વધારો થયો હતો. અમદાવાદ અને ગાંધીનગરનું તાપમીન સિઝનમાં પહેલીવાર અનુક્રમે ૪૪.૪ અને ૪૪ ડિગ્રીએ પહોંચી જતાં લોકો લમણાં શેકી કાઢતી ગરમીનો અહેસાસ કર્યો હતો. જ્યારે ૪૫ ડિગ્રી સાથે કંડલા એરપોર્ટ રાજ્યનું સૌથી હોટ સ્પોટ બન્યું હતું. ત્યારે હજી બે દિવસ અમદાવાદ, ગાંધીનગર, વલસાડ, સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના ભાગો હીટવેવી આગાહી કરવામાં આવી છે.

નોંધનીય છે કે, ૨૦ એપ્રિલ ૨૦૧૬ના રોજ અમદાવાદમાં ૪૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું જે અત્યાર સુધીનો રેકોર્ડ છે. ગુરુવારે રાજ્યના મોટાભાગના શહેરોનું તાપમાન ૪૩ ડિગ્રી આસપાસ રહ્યું હતું અને અમદાવાદમાં તો જાણે અગનવર્ષા થઈ રહી હોય તેમ લાગતું હતું. જેને કારણે કાળઝાળ ગરમીથી બચવા લોકોએ ઘરમાં જ પૂરાઈને રહેવાનું પસંદ કર્યું હતું. બીજી તરફ ગરમીને કારણે છેલ્લા બે દિવસથી હીટ સ્ટ્રોક, લૂ લાગવાના અને ડિહાઈડ્રેશન સહિતની બીમારીઓના કિસ્સામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે.

જેથી તબીબોએ ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને અન્ય કોઈ બીમારીથી પીડિત હોય તેવા લોકોએ બહાર નીકળવાનું ટાળવાની અને શરીરમાં પાણીની માત્રા જળવાય રહે તે માટે પૂરતું પ્રવાહી લેવાની સલાહ આપી છે.

# અન્નદાતાને ઊર્જાદાતા બનાવવા માટે વડાપ્રધાન મોદીની અપીલ

**સુરતમાં ત્રણ દિવસની ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ : સમિટનું ઉદઘાટન કન્વેન્શન સેન્ટરના પ્લેટિનમ હોલમાં મોદી દ્વારા વીડિયો કોન્ફરન્સિંગથી વર્ચ્યુલ રીતે કરાયું**

સુરત, તા.૨૯

વિશ્વ પાટીદાર સમાજના ઉપક્રમે રાજ્યના આર્થિક પાટનગર સુરત ખાતે શુક્રવારથી ત્રણ દિવસની ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ ૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર સુરતના સરસાણા ઈન્ટરનેશનલ એક્ઝિબિશન કન્વેન્શન સેન્ટર ખાતે ૨૯ એપ્રિલથી ૧ મે સુધી યોજાનાર આ સમિટનું ઉદઘાટન કન્વેન્શન સેન્ટરના પ્લેટિનમ હોલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વર્ચ્યુલ રીતે કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રી મોદીએ સમિટને ખુલ્લી મૂકતા કહ્યું હતું કે, 'વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા શહેરમાં સુરતનો સમાવેશ થાય છે. આત્મવિશ્વાસ સાથે આગળ વધવાની જરૂર છે. અન્નદાતાને ઉર્જાદાતા બનાવવા પણ પીએમ મોદીએ અપીલ કરી હતી. સાથે જ ખેતીને આધુનિક બનાવવા માટે ઉદ્યોગકારોને આગળ વધવા હાંકલ કરી છે. એટલું જ નહીં, પીએ મોદીએ ગુજરાતના વિકાસને ફેલાવવા માટે નાના શહેરોને પણ વિકસીત કરવા પર પણ ભાર મૂક્યો હતો.

પીએમ મોદીએ સરદાર પટેલને યાદ કરતાં કહ્યું કે, સરદાર વલ્લભભાઈ પટેલે આઝાદી વખતે કહેલું કે, દેશમાં સંપદાની કોઈ અછત નથી. આપણે માત્ર આપણા મગજનો સદઉપયોગ કરીને તેના ઉપયોગ કરવાની જરૂર છે. આપણે એક સંકલ્પ સાથે કોઈ કામની શરૂઆત કરીશું તો પરિણામ ચોક્કસ મળવાનું છે. માટે સરદાર સાહેબની વાતને ન ભૂલવી જોઈએ. વડાપ્રધાન મોદીએ સમીટમાં આવેલા ઉદ્યોગકારોને કહ્યું કે, દેશમાં અલગ અલગ ક્ષેત્રનો વિકાસ થઈ રહ્યો છે. ત્યારે આ સમીટ થકી વૈશ્વિક કક્ષાએ નવા વિષયોમાં કેવી રીતે આગળ વધી શકાય તે બાબતે પણ વિચાર થવો જોઈએ.

પીએમે ઉમેર્યું કે, ૮થી ૧૦ ક્ષેત્રને પસંદ કરીને તેમાં કેવી રીતે આગળ વધી શકાય તે માટેના ગ્રુપ બનાવવા જોઈએ. તેમાં સરકારની નીતિઓમાં શું ઉણપ છે તેનું પણ સંશોધન કરીને સરકારનું ધ્યાન દોરવું જોઈએ. તમે પ્રેઝન્ટેશન તૈયાર કરો હું એ જોવા માટે ખાસ સમય આપીશ.ખેતીને આધુનિક બનાવવા માટે ભાર મૂકતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે,






# ભાજપના સામના માટે ૫૦-૬૦ વર્ષ તપસ્યા કરવી પડશે : જે પી નડ્ડા

**ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ ગુજરાતની મુલાકાતે : ભાજપની ચાર પેઢીઓ ખપી ગઈ, જેમણે યશની અપેક્ષા વગર કામ કર્યું હોવાનો ભાજપના નેતા નડ્ડાનો દાવો**

ગાંધીનગર, તા.૨૯

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા શુક્રવારે એક દિવસની ગુજરાત મુલાકાતે આવ્યા છે. સવારે એરપોર્ટ પર આગમન થતાં સીઆર પાટીલ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ભાવનાબેન શિયાળ, પ્રદેશ આગેવાનો અને મંત્રીમંડળ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે, આ મારું નહીં પરંતુ ભાજપની વિચારધારાનું સ્વાગત છે.

તેમણે વધુમાં કહ્યું કે, કોઈપણ પાર્ટીએ ભાજપનો સામનો કરવો હોય તો ૫૦-૬૦ વર્ષની તપસ્યા કરવી પડશે. ભાજપની ચાર પેઢીઓ ખપી ગઈ, જેમણે યશની અપેક્ષા વગર કામ કર્યું છે.




દિવસ દરમિયાન વિવિધ કાર્યક્રમોમાં હિસ્સો લઈ રાતે તેઓ પરત દિલ્હી જવા રવાના થશે. તો બીજા દિવસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ પણ આખો દિવસ જુદા જુદા કાર્યક્રમો માટે આવી રહ્યા છે. એટલે જ આ સપ્તાહ રાજકીય દ્રષ્ટિએ મહત્વનું બની રહેશે.

મહત્વનું છે કે, ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ માટે હવે રોજેરોજ અનેક પ્રકારની રાજકીય ગતિવિધિ નવા સમીકરણો રચી રહી છે. ચાલુ સપ્તાહે જ કોંગ્રેસ, ભાજપ અને આમઆદમી પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે તેના પગલે આ રાજકીય પક્ષોના કાર્યકરોમાં એક નવી હલચલ પેદા કરી રહ્યો છે. સાથોસાથ આ નેતાઓના આગમનથી રચાનારી ધરીથી નવા રાજકીય સોગઠાં ગોઠવાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય અધ્યક્ષનો અગાઉ બે દિવસનો કાર્યક્રમ તૈયાર થઈ રહ્યો હતો પરંતુ હવે તેઓ એક જ દિવસ માટે ગુજરાતના પ્રવાસે આવ્યા છે. નડ્ડા દિવસ દરમિયાન એક ધાર્મિક કાર્યક્રમ ઉપરાંત અન્ય ચાર મહત્વની બેઠકો યોજવાના છે. જેમાં ડિસેમ્બર ૨૦૨૨માં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને લઈને પક્ષના પ્રદેશ આગેવાનોથી લઈને મંડલ સ્તર સુધીના કાર્યકરોને માર્ગદર્શન આપશે. રાત્રે દિલ્હી જતં પહેલા વડોદરાના ધાર્મિક કાર્યક્રમમાંથી પરત ફરી ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસસ્થાને કોર કમિટી તથા પ્રદેશ ચૂંટણી સમિતિના સભ્યો સાથે બેઠક કરશે.

# રાજ્યમાં કોરોનાનાં નવા કુલ ૧૭ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૨૯

ગુજરાતમાં કોરોનાના આંકડા તબક્કાવાર રીતે કાબુમાં આવી રહ્યા છે. રાજ્યમાં આજે કોરોનાનાં ૧૭ નવા કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૧૧ દર્દીઓ સાજા થઇ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૨૭૪ દર્દીઓએ અત્યાર સુધીમાં કોરોનાને મ્હાત આપી છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૧૦ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ કોરોનાના રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે રસીના કુલ ૧,૧૨,૮૭૮ રસીના ડોઝ અપાયા હતા. બીજી તરફ જો કોરોનાના એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૦૫ એક્ટિવ કેસ છે. જે પૈકી ૨ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૧૦૩ નાગરિકો સ્ટેબલ છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૨૭૪ નાગરિકો ડિસ્ચાર્જ થઇ ચુક્યાં છે. અત્યાર સુધીમાં ૧૦,૯૪૩ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઇ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે, આજે એક પણ નાગરિકનું કોરોનાને કારણે મોત નથી થયું. અમદાવાદ કોર્પોરેશનમાં ૯, વડોદરા કોર્પોરેશનમાં ૪, ગાંધીનગર કોર્પોરેશન ૨, ગાંધીનગર અને રાજકોટ કોર્પોરેશનમાં ૧-૧ કેસ નોંધાયા હતા આ પ્રકારે કુલ ૧૭ કેસ નોંધાયા હતા.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૧૦૫૯ ને રસીનો પ્રથમ અને ૧૪૩૩૨ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો.

# કલોલ સોમનાથ સોસાયટી વિભાગ-૨ ખાતેથી જુગારીઓ ઝડપાયા



ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર એલસીબી ટીમ કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન કોન્સ્ટેબલ ગોવિંદભાઈ અને રતનસિંહને બાતમી મળી હતી કે પાનસર કલોલ રોડ પર સોમનાથ સોસાયટી વિભાગ-૨ ખાતે રહેતા લતીફ યુસુફમીયા બહેલીમ રહેણાંક મકાનમાં જુગાર રમાડે છે. બાતમીવાળી જગ્યાએ રેડ કરતાં લતીફ યુસુફમીયા બહેલીમ (ઈઈ/૧૭ સોમનાથનગર સોસાયટી વિભાગ-૨), ઈમરાન હુસેન ચાંદમહમદ નાગોરી (રહે. સી-૧૭ આયોજનનગર સોસાયટી, અસલમભાઈ સદરૂભાઈ કુરેશી (રહે. પાનસર ચોકડી), મહેબુબખાન પઠાણ (રહે. રહિમપુરા કલોલ), મહમદ કરીફ કુરેશી (રહે. રહિમપુરા, કલોલ), જુગારીઓને પકડી પાડી રૂપિયા ૪૧૪૭૦ અને મોબાઈલ ફોન નંગ-૪, ત્રણ ટુ વ્હીલર મળીને ૧,૩૧,૪૭૦નો મુદ્દામાલ કબજે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દિકરીઓના લગ્નમાં કુકરની ભેટ




ગાંધીનગર, તા.૨૯

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દિકરીઓના લગ્નમાં કુકરની ભેટ આપવામાં આવી રહી છે. તથા દર બે મહીને ૬૧૦થી વધારે વિધવા બહેનો, વૃધ્ધાને અનાજ વિતરણ કરવામાં આવે છે તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.

# સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત રાષ્ટ્રનું નિર્માણ જરૂરી : જગદીશ પંચાલ

**રાષ્ટ્રવ્યાપી સંરક્ષણ ક્ષમતા મહોત્સવની ઉજવણી : મહોત્સવના સમાપન સમારંભમાં રિવરફ્રન્ટ હાઉસથી વસ્ત્રાપુર તળાવ સુધી ઈલેક્ટ્રીક વ્હીકલ રેલીનું આયોજન**

અમદાવાદ, તા.૨૯

ભારત સરકારનાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના નિર્દેશો મુજબ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ. હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. અને ગેઈલ (ઈન્ડિયા) લિ. દ્વારા ઓઈલ અને ગેસની જાળવણીને



પ્રોત્સાહન આપવા માટે પેટ્રોલિયમ કન્ઝર્વેશન એન્ડ રિસર્ચ એસોસિએશન (પીસીઆરએ)નાં સહયોગમાં તા. ૧૧ એપ્રિલ, ૨૦૨૨ થી તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૨ સુધી રાષ્ટ્રવ્યાપી સંરક્ષણ ક્ષમતા મહોત્સવ (સક્ષમ) ૨૦૨૨ની હાથ ધરવામાં આવેલી ઉજવણી આજે સંપન્ન થઈ હતી.

આજે યોજાયેલા સમાપન સમારંભમાં રિવરફ્રન્ટ હાઉસ થી વસ્ત્રાપુર તળાવ સુધી ઈલેક્ટ્રીક વ્હીકલ (ઈવી) રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તેલ અને કુદરતી સ્ત્રોતોનાં સંરક્ષણ અને સંવર્ધનની જરૂરિયાતનાં ૨, ૩ અને ૪ વ્હીલર્સની ઈવી રેલીમાં ૧૫૦થી વધારે ઈલેક્ટ્રીક વાહનોએ સક્ષમ ૨૦૨૨ની થીમ 'હરિત અને સ્વચ્છ ઉર્જા અપનાવો, આઝાદીનો અમૃત મહોત્સવ મનાવોનો સંદેશો પ્રસરાવવામાં આવ્યો હતો. આ રેલીને ગુજરાત રાજ્યનાં જંગલ, પર્યાવરણ અને ક્લાયમેટ ચેન્જ બાબતોનાં રાજ્યકક્ષાના મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે જગદીશ પંચાલે જણાવ્યું હતું કે, આવનારી પેઢી અને આવનારા દિવસો માટે આપણે સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત રાષ્ટ્રનું નિર્માણ કરીએ તે જરૂરી છે. વડાપ્રધાને પણ ક્લાયમેટ ચેન્જ અંગે પોતાના સાત મુદ્દાઓને સ્પષ્ટ રીતે વ્યક્ત કર્યા છે. સક્ષમ ૨૦૨૨નાં આજના સમાપન સમારંભમાં ઈલેક્ટ્રીક વ્હીકલ (ઈવી) રેલી દ્વારા સ્પષ્ટ સંદેશો પ્રસારિત થશે કે જેમાં કાર્બન ઓમિશનથી દૂર રહીને કેવી રીતે સ્વચ્છ ઉર્જાનાં વપરાશ દ્વારા પૃથ્વીને બચાવીને સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ કરી શકાય. આ પ્રસંગે તેલ ઉદ્યોગનાં રાજ્યકક્ષાના સંયોજક તેમજ આઈઓસીએલ, ગુજરાતનાં એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર અને સ્ટેટ હેડ એમ અન્ના દુરાઈએ જણાવ્યું હતું કે, સક્ષમ ૨૦૨૨ની થીમ હરિત અને સ્વચ્છ ઉર્જા અપનાવો, આઝાદીનો અમૃત મહોત્સવ મનાવો છે. પૃથ્વીને પ્રદૂષણથી બચાવીને સમૃદ્ધ રાષ્ટ્રનાં નિર્માણ માટે તેલ અને કુદરતી સંશાધનોનું સંવર્ધન અને સંરક્ષણ જરૂરી છે. તેલ કંપનીઓ આ માટે સતત પ્રયત્નશીલ છે.

આજે યોજાયેલા સમાપન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યનાં જંગલ, પર્યાવરણ અને ક્લાયમેટ ચેન્જ બાબતોનાં રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ), એલિસબ્રીજ વિસ્તારનાં ધારાસભ્ય રાકેશ શાહ અને ગુજરાત સરકારનાં ક્લાયમેટ ચેન્જ બાબતોનાં પ્રિન્સીપાલ સેક્રેટરી એસ જે હૈદર ઉપસ્થિત રહ્યાં હતાં.

# સાધુની આત્મહત્યાની તપાસ માટે FSLની ટીમ સોખડામાં

**સોખડામાં ગુણાતીત સ્વામીની આત્મહત્યાનો મામલો : ગુણાતીત ચરણદાસ સાધુએ રૂમમાં ઝેડ આકારનો હૂકમાં ભગવા ગાતરિયાથી ગાળિયો બનાવી આપઘાત કરી લીધો**

સોખડા, તા.૨૯

હરિધામ સોખડામાં ૬૯ વર્ષીય ગુણાતીત ચરણદાસ સાધુએ બુધવારે સાંજે ૭થી ૭:૨૦ વાગ્યા વચ્ચે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જેને લઈને હરિભક્તોમાં ભારે આઘાત લાગ્યો છે. જોકે સંતોએ ગુણાતીતસ્વામીનું કુદરતી મોત થયું હોવાનું જણાવ્યું હતું. પરંતુ જ્યારે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યો ત્યારે પહેલા જે કુદરતી મૃત્યુ હોવાનું ગણાવતા હતા તેમણે આખી વાતે ફેરવી તોળ્યું હતું અને કહ્યું હતું કે પરિવારજનોની વિનંતી બાદ સાધુના આપઘાતના સમાચાર બહાર વહેતા ન થાય એ માટે પોલીસને જાણ ન કરવામાં આવી હોવાનું સોખડાના સંતોએ પોલીસના નિવેદનમાં જણાવ્યું હતું.

આ તરફ હવે ગુણાતીત સ્વામીનું મૃત્યુ ક્યા કારણોસર થયું તે અંગેની અનેક તર્ક-વિતર્ક ચાલી રહી છે. જેની વચ્ચે વડોદરા એફએસએલની ટીમે યોગી આશ્રમના રૂમ નંબર ૨૧માં સવા કલાક સુધી તપાસ હાથ ધરી હતી. જેમાં ગળે ફાંસો કેવી રીતે ખાધો? ગળે ફાંસો ખાવા માટે કઈ વસ્તુનો કરાયો ઉપયોગ? રૂમમાં લોહીના નમૂનાની હાજરી છે કે નહીં? વગેરે તપાસ હાથ ધરી હતી. પીએસઆઈ લાંબરિયાએ જણાવ્યું હતું કે સાધુના રૂમમાં ઝેડ આકારનો હૂક હતો, એમાં સાધુએ પોતાના ભગવા ગાતરિયાથી ગાળિયો બનાવ્યો હતો. ફાંસો ખાવા માટે ખુરશી ઉપર ડોલ અને એની ઉપર ઓશીકાના સહારો લઈને તેમણે આપઘાત કરી લીધો હતો. આ ઘટના અંગે પોલીસે પ્રભુપ્રિયસ્વામી, સગાંવહાલાં મળી કુલ પાંચ જનનાં નિવેદનો નોંધ્યાં છે. પીએસઆઈ લાંબરિયાએ વધુમાં જણાવ્યું હતું કે મંદિરના સીસીટીવી ફૂટેજમાં જોતાં બુધવારે સાંજે સાત વાગે ગુણાતીતસ્વામી પોતાના રૂમમાં જતા દેખાય છે. જ્યારે સાંજે ૭:૨૦ વાગે પ્રભુપ્રિયસ્વામી તેમના રૂમમાં જતા દેખાય છે.

પોલીસે ૪ લોકોનાં નિવેદન નોંધી મંદિરના સીસીટીવી ફૂટેજ, મૃતક સંતનો મોબાઈલ અને મૃતકે જે ગાતરિયાથી ગળાફાંસો ખાધો હતો એ કબજે લીધાં હતાં. પોલીસ હવે વિસેરાની રાહ જોઈ રહી છે.

પ્રાપ્ત અહેવાલ મુજબ હરિભક્તોના જણાવ્યા અનુસાર, ગુણાતીત સાધુએ બે દિવસ પહેલાં સોખડામાંથી નીકળીને બાકરોલ મંદિરે પ્રબોધસ્વામી સાથે આવવાની વાત કરી હતી. તેઓ હરિધામ છોડવા માગતા હતાં, પરંતુ એનું કોઈ ચોક્કસ કારણ જણાવ્યું ન હતું.

# આજે રાજ્યપાલની ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ શિબિર યોજાશે

**જામનગર ખાતે રાજ્યપાલના હસ્તે પ્રાકૃતિક ખેત પેદાશોના પ્રદર્શન અને વેચાણ સ્ટોલ ખુલ્લા મૂકવામાં આવશે**

ગાંધીનગર, તા.૨૯

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાન મુજબ જામનગર જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે અને વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવતા થાય તે માટે જિલ્લા પંચાયત જામનગર દ્વારા જામનગર જિલ્લાની તમામ ૪૧૭ ગ્રામ પંચાયત ને ૮૬ ક્લસ્ટરમાં સમાવિષ્ટ કરી પ્રાકૃતિક કૃષિ શિબિર યોજાનાર છે.આ પ્રાકૃતિક કૃષિ પ્રચાર પ્રસાર અભિયાનના શુભારંભ પ્રસંગે આવતીકાલ તા. ૩૦ એપ્રિલ શનિવારના રોજ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તથા રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં ટાઉનહોલ જામનગર ખાતે કૃષિ શિબિરનું આયોજન કરાયું છે.

આ પ્રસંગે પ્રાકૃતિક કૃષિ દ્વારા ઉત્પાદિત જુદી જુદી ખેત પેદાશો અંગેનું પ્રદર્શન તથા વેચાણ સ્ટોલનું પણ આયોજન કરવામાં આવ્યુ છે.આ તમામ સ્ટોલ કાર્યક્રમના સ્થળે રાજ્યપાલના હસ્તે ખુલ્લા મૂકવામાં આવશે.

પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા જુદા જુદા ઉત્પાદનોના રાખવામાં આવેલ સ્ટોલ બપોરે ૧૨:૩૦ કલાક થી સાંજે ૦૫:૦૦ કલાક સુધી વેચાણ માટે ખુલ્લા રહેશે.

લોકોની આરોગ્ય સુખાકારી જળવાય અને ખેડુતોની આત્મ નિર્ભરતામાં સહયોગી બની શકાયએ માટે નાગરિકોને આ પ્રદર્શન તથા વેચાણ સ્ટોલની મુલાકાત લેવા તથા ખેડૂતોએ પોતાના ખેતરે તૈયાર કરેલ પ્રાકૃતિક પેદાશો લોકો વધુમાં વધુ ખરીદ કરે તે માટે જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પંચાયત, જામનગર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## 3 કેસ નોંધાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફરજીયાત માસ્કના નિયમની અમલવારીમાં લોકો બેદરકારી ના દાખવે તેવો અનુરોધ કર્યો છે. શહેરમાં હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ સઘન સર્વેલન્સ કરવામાં આવે તેવી તાકીદ પણ કરવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કલોલ તાલુકાના પલોડિયા ગામે એક કેસ નોંધાયો છે. મળતી વિગતો પ્રમાણે આ યુવક યુ.એસ.એ.થી વતન પરત ફર્યો હતો અને તેની ચકાસણી દરમ્યાન તેનો રિપોર્ટ પોઝીટીવ જણાયો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ એક્ટીવ દર્દીઓની સંખ્યા વધીને ૩ થઈ છે. તંત્રએ મળી રહેલા છુટા છવાયા કેસોને ગંભીરતાથી લીધા છે અને સર્વેલન્સ તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાય તે જોવા તાકીદ કરી છે. શહેર-જિલ્લામાં વેક્સીનેશન અભિયાન ધીમુ પડ્યુ હોવાથી તંત્રની ચિંતા વધી છે. પ્રિકોશન ડોઝની કામગીરી પણ ધીમી ગતિએ ચાલી રહી છે. તેથી તંત્ર વધુ ચિંતિત બન્યુ છે.

## હોટ એપ્રિલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને ઓડિશાના કેટલાક હિસ્સાઓનું તાપમાન ૪૫ ડિગ્રીથી વધી ગયું છે. દેશના મોટા ભાગના ક્ષેત્રોમાં આગામી ૫ દિવસ સુધી લૂનો પ્રકોપ જોવા મળશે.

ભીષણ ગરમી વચ્ચે દિલ્હીનું મહત્તમ તાપમાન ૪૩.૫ ડિગ્રી નોંધાયું છે જે એપ્રિલનું ૧૨ વર્ષનું સૌથી મહત્તમ તાપમાન છે. ગુરૂગ્રામનું તાપમાન પણ ૪૫ ડિગ્રીને પાર કરી ગયું છે. રાજધાનીમાં ૧૮ એપ્રિલ ૨૦૧૦ના રોજ મહત્તમ તાપમાન ૪૩.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દિલ્હીમાં અત્યાર સુધીનું સૌથી મહત્તમ તાપમાન ૨૯ એપ્રિલ ૧૯૪૧ના રોજ ૪૫.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

## ધરપકડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્યારથી તે સતત પોતાના રહેવાના ઠેકાણાં બદલી રહ્યો હતો. તેણે જણાવ્યું હતું કે, આરોપી પશ્ચિમ બંગાળમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરતો હતો. તે જ સમયે તેણે કહ્યું હતું કે, ૨૦૧૦થી અત્યાર સુધી તેના વિરુદ્ધ લૂંટ,ચોરી અને શસ્ત્રો કાયદા હેઠળ ૬ કેસ નોંધાયેલા છે અને તે જહાંગીરપુરી વિસ્તારનો હિસ્ટ્રીશીટર છે. તમને જણાવી દઈએ કે, ૧૬ એપ્રિલના રોજ હનુમાન જન્મજયંતિ નિયમિતે કાઢવામાં આવેલી 'શોભાયાત્રા' દરમિયાન રાષ્ટ્રીય રાજધાનીના જહાંગીપુરી વિસ્તારમાં ૨ સમુદાયો વચ્ચે અથડામણ થઈ હતી જેમાં ૮ પોલીસ કર્મચારીઓ અને એક સામાન્ય વ્યક્તિ ઘાયલ થયો હતો.

## પુનિતવન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ના તળાવ પાસે પણ સહેલાણીઓ ઉમટે છે. હરિયાળીની દ્રષ્ટીએ હાંસિયામાં ધકેલાતા ગાંધીનગરના સેકટરોમાં બગીચાઓનુ આધુનિકરણ કરાયુ છે. જયારે બીજીતરફ વનતંત્ર દ્વારા પણ ગીર ફાઉન્ડેશન અને પુનિત વનમાં નવા આકર્ષણો સમયાંતેર ઉભા કરવામાં આવી રહ્યા છે. જુના સેકટરોમાં રહેતા નાગરિકો માટે પુનિતવન ફેવરીટ સ્પોટ માનવામાં આવે છે. જયારે સવારના સમયે આ પાર્કમાં વોકીંગ કરવા માટે પણ મોટી સંખ્યામાં નાગરિકોની અવરજવર રહે છે. જયારે શહેર ઉપરાંત અમદાવાદ સહીત બહારગામથી આવતા મુલાકાતીઓ પણ એકવાર પુનિત વનની મુલાકાત ચોક્કસ લે છે ત્યારે પુનિતવન ની સુંદરતા નિખારવા માટે વનતંત્ર દ્વારા બીજા તબક્કામાં પણ નવા કામો હાથ ધરવામાં આવશે. જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧. ૮૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.